For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## પોતીકા તહેવાર ચંદી પડવાને સુરતીઓએ ફૂટપાથ પર બેસી ઘારી-ભૂસું ખાઈને માણ્યો....





■ સુરતનું જમણ... આ કહેવતમાં માત્ર સુરતીઓનું ભોજન જ નહીં પરંતુ સાથે સાથે સુરતીઓનો ભોજન કરવાનો અંદાજ પણ સમાયેલો છે. આખા વિશ્વમાં એકમાત્ર સુરત શહેર જ એવું છે કે જેનો પોતીકો તહેવાર ચંદી પડવો છે અને તેમાં ઘારી અને ભૂસૂં તો ખાવાનું જ હોય છે પરંતુ જ્યાં સુધી તેને સુરતીઓ રસ્તામાં ફૂટપાથ પર બેસીને ખાઈ નહીં ત્યાં સુધી મજા આવે નહીં. સુરતમાં ચંદી પડવાએ એક જ દિવસમાં હજારો ટન ઘારી ખવાય જાય છે ત્યારે તેની સાથે સુરતીઓનો ફૂટપાથ પર બેસીને પરિવાર સાથે જમવાનો સ્વભાવ પણ નિરાળો જ છે. (ત.: સતીષ)

# કીમ-પીપોદરામાં વીજકટોકટી, 15 હજારથી વધુ ઉદ્યોગો પર સંકટ

**રોજના** 2થી 3 વખત પાવર ટ્રીપિંગથી ઉત્પાદનને ફટકો; 90 ટકા ફીડરો ઓવરલોડ હોવાનો એસોસિએશનનો દાવો

220 કેવી વેલંજા સબ સ્ટેશન શરૂ કરવાની સમયમર્યાદા અંગે અનિશ્ચિતતા

સુરતઃ દક્ષિણ ગુજરાતના ટેક્સટાઈલ અને ઔદ્યોગિક હબ ગણાતા કીમ-પીપોદરા પંથકમાં અપૂરતા અને અનિયમિત વીજ પુરવઠાને કારણે ૧૫ હજારથી વધુ એકમોનું ઉત્પાદન પ્રભાવિત થઈ રહ્યું છે. માંગરોળ અને કામરેજ તાલુકાના કીમ, પીપોદરા, મોટા બોરસરા, કરંજ, કોસંબા, માંડવી અને પાલોદ સહિતના વિસ્તારોમાં વીજ માળખાનું વિસ્તરણ ન થતાં કીમ-પીપોદરા વિવર્સ એસોસિએશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેબિનેટ ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યકક્ષાના ઉર્જા મંત્રી કૌશિક વેકરિયા અને ઉર્જા સચિવ અશ્વિનીકુમારને રજૂઆત કરી છે. એસોસિએશનના માનદ્ મંત્રી કિરણ ઠુંમરે જણાવ્યું હતું કે રાજ્ય

...અનુસંધાન પાના ૯ પર

### રોજના ૨-૩ ટ્રીપિંગથી મશીનરી ખોટકાઈ, એક બસબાર પર મહત્તમ ૪ ફીડર રાખવા સૂચન

વારંવાર પાવર કટ અને ટ્રીપિંગના કારણે મોંઘી ઓટોમેટિક મશીનરી બંધ પડી જતાં ભારે આર્થિક નુકસાન વેઠવું પડે છે. જૂની સ્વિચિંગ અને બ્રેકર સિસ્ટમને તાકીદે આધુનિક બનાવવાની જરૂર છે. વોલ્ટેજ ડ્રોપ અને ટ્રીપિંગ ઘટાડવા માટે એક બસબાર પર ૬ને બદલે વધુમાં વધુ ૪ ઔદ્યોગિક ફીડરો રાખવા તેમજ સબસ્ટેશનોનું સંચાલન ડિસ્ટ્રિબ્યુશન કંપનીને સોંપવા એસોસિએશને વિકલ્પ સૂચવ્યો છે.

### ૨૨૦ કેવી વેલંજા સબ સ્ટેશન ક્યારે શરૂ થશે? સમયમર્યાદા સ્પષ્ટ કરવા માંગ

રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીની હાજરીમાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં GETCO અને DGVCLના ઉચ્ચ અધિકારીઓએ ૨૨૦ કેવી વેલંજા સબસ્ટેશન ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ પહેલાં કાર્યરત કરવાની બાંહેધરી આપી હતી, જે અંગે એસોસિએશને સ્પષ્ટ સ્થિતિ જાહેર કરવા માગ કરી છે. આ ઉપરાંત પીપોદરા અને લીંડિયાદ ગ્રામ પંચાયતોએ વિનામૂલ્યે જમીન ફાળવવાની ખાતરી આપી હોવા છતાં મંજૂર થયેલા ૬૬ કેવી સબસ્ટેશનોનું કામ કીમ અને કડોદરા ડિવિઝન દ્વારા આગળ ન વધારાયું હોવાનો પણ આક્ષેપ છે.

# સુરતમાં ઠંડી હજુ જામી નથી ને ત્રણ-ચાર દિવસમાં માવઠાના ટકોરા

**બીજી** તરફ મહત્તમ અને લઘુત્તમ તાપમાન પણ વધ્યું, ઉત્તર પવનથી તાપમાનમાં ઘટાડાની સંભાવના

સુરતઃ સુરત શહેરમાં ગરમીના પ્રમાણમાં વધારો નોંધાયો છે. આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 37.5 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં આશરે એક ડિગ્રીનો વધારો થતાં તે 23.2 ડિગ્રી પર પહોંચ્યું હતું. તાપમાનમાં વધારા સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધીને 70 ટકા નોંધાયું હતું.

હવામાનની સ્થિતિની વાત કરીએ તો શહેરમાં ઉત્તર દિશામાંથી છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનોની દિશા ઉત્તરની થતાં આગામી સમયમાં તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, હવામાનમાં ફેરફારને પગલે આગામી દિવસોમાં વાતાવરણમાં ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. બીજી તરફ, આગામી ત્રણથી ચાર દિવસમાં માવઠું થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. જો માવઠું થાય તો શહેરમાં ફરી એકવાર વાદળછાયું વાતાવરણ સર્જાઈ શકે છે. આ ઉપરાંત વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવા સહિતની સ્થિતિ પણ જોવા મળી શકે છે. હાલમાં તાપમાનમાં વધારો અને આગામી દિવસોમાં માવઠાની સંભાવનાને કારણે સુરતના હવામાનમાં પલટો આવવાની શક્યતા છે. તેથી આગામી દિવસોમાં તાપમાનની સ્થિતિ અને વરસાદી માહોલ અંગે હવામાનમાં થતા ફેરફારો પર સૌની નજર રહેશે.

# બોલો, ફળો કરતાં તો શાકભાજી મોંઘાં

**વટાણા** રૂ.150 અને આદુ રૂ.180 કિલો સુધી પહોંચ્યા, મોસંબીથી પણ ડુંગળીના ભાવ ઊંચા

**પાપડી**, લીંબુ અને ગુવારસિંગના ભાવ પણ આસમાને

સુરતઃ મોંઘવારીના માર વચ્ચે સુરતનાં છૂટક બજારોમાં રસદાર ફળો કરતાં કેટલીક શાકભાજી વધુ મોંઘી બની છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ મોસંબી કરતાં પણ વધી ગયા છે. મોસંબી કિલોદીઠ રૂ.50થી 60માં વેચાઈ રહી છે, જ્યારે ડુંગળીના ભાવ રૂ.70થી 80 સુધી પહોંચ્યા છે. એટલું જ નહીં, મોંઘાં ફળોની શ્રેણીમાં ગણાતાં સફરજનના ભાવની સરખામણીમાં પણ પાપડી, આદુ, લીંબુ અને વટાણા જેવી શાકભાજી મોંઘાં ભાવે વેચાઈ રહ્યાં છે.

વાતાવરણની અનિયમિતતા, ઉત્પાદન ઘટવું અને તહેવારો દરમિયાન વધેલી માંગની અસર શાકભાજીના ભાવ પર જોવા મળી રહી છે. રોજિંદા ભોજનમાં વપરાતી શાકભાજીના ભાવ વધતાં સામાન્ય પરિવારોના ઘરખર્ચનું બજેટ ખોરવાયું છે.

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખ (રાજા બાબુ) એ જણાવ્યું હતું કે, વાતાવરણની અનિયમિતતા અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઓછા ઉત્પાદનને કારણે શાકભાજીની આવકમાં ઘટાડો નોંધાયો છે. બીજી તરફ તહેવારો દરમિયાન શાકભાજીનો વપરાશ વધતાં માંગની સરખામણીએ પુરવઠો ઓછો છે. આ પરિસ્થિતિને કારણે ભાવમાં વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શાકભાજી પકવતા ખેડૂતોની હાલત પણ કફોડી બની છે. દવા, બિયારણ, મજૂરી, ખાતર અને પરિવહનના ખર્ચમાં ભારે વધારો થતાં ખેતીનો ખર્ચ વધી ગયો છે.

### શાકભાજી અને ફળોના છૂટક બજારોના ભાવ

| શાકભાજી | ફળ (રૂ.પ્રતિ કિલોના ભાવ) |
|---|---|
| વટાણા140થી 150 | મોસંબી 50થી 60 રૂપિયા |
| આદુ 160થી 180 | જમરૂખ 40થી 80 રૂપિયા |
| લીંબુ 100થી 120 | પાઈનેપલ 70થી 80 રૂપિયા |
| પાપડી 120થી 140 | તડબૂચ 40થી 50 રૂપિયા |
| ગુવારસિંગ 70થી 80 | સંતરાં 70થી 80 |
| ડુંગળી 70થી 80 | કેળા 40થી 50 |



### સફરજન કરતાં પાપડી અને આદુ મોંઘાં

હાલ બજારમાં વટાણા કિલોદીઠ રૂ.140થી 150, આદુ રૂ.160થી 180, પાપડી રૂ.120થી 140 અને લીંબુ રૂ.100થી 120ના ભાવે વેચાઈ રહ્યા છે. ગુવારસિંગ અને તુવેરસિંગના ભાવ પણ રૂ.70થી 80 પ્રતિ કિલો સુધી પહોંચ્યા છે. બીજી તરફ કાશ્મીરી સફરજન રૂ.100થી 120 અને ડ્રેગન ફ્રૂટ રૂ.100થી 120 પ્રતિ કિલોના ભાવે મળી રહ્યા છે. શિમલાના એક્સપોર્ટ ક્વોલિટીના સફરજનના ભાવ રૂ.200થી 250 પ્રતિ કિલો સુધી છે. આમ, કેટલીક શાકભાજીના ભાવ સામાન્ય ફળોની સરખામણીએ પણ ઊંચા થયા છે. તુવેરસિંગ રૂ.70થી 80 કિલો સામે સીતાફળ રૂ.100થી 120માં વેચાઈ રહ્યું છે. ડુંગળી રૂ.70થી 80 કિલો સામે પપૈયાનો ભાવ રૂ.80થી 100 છે. ચોળી, મરચાં અને ભીંડા રૂ.40થી 50 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યાં છે, જ્યારે કેળાંના ભાવ પણ રૂ.40થી 50 છે.

# નવેમ્બરમાં કર્ણાવતી એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલ નહીં બાંદ્રા સુધી જ દોડશે

**સુરતથી** મુંબઈ જતાં હજારો મુસાફરો પર અસર પડશે

સુરતઃ સુરતથી મુંબઈ જતી સૌથી લોકપ્રિય ટ્રેન કર્ણાવતી એક્સપ્રેસમાં મુસાફરી કરતાં મુસાફરો માટે મહત્ત્વના સમાચાર છે. મુંબઈ સેન્ટ્રલ યાર્ડમાં પુનઃનિર્માણના કામને કારણે નવેમ્બર મહિનામાં આ ટ્રેનનું ટર્મિનલ બદલવામાં આવનાર છે.

પશ્ચિમ રેલવેએ ટ્રેન નંબર 12933/12934 કર્ણાવતી એક્સપ્રેસમાં 1થી 30 નવેમ્બર 2026 સુધી કામચલાઉ ફેરફાર કર્યો છે. આ સમયગાળા દરમિયાન ટ્રેન મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે અને ત્યાં જ

...અનુસંધાન પાના ૯ પર

### નવો સમય શું રહેશે?

ટ્રેન નંબર 12933 બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ 1 થી 30 નવેમ્બર સુધી મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી બપોરે 13:55 વાગ્યે રવાના થશે. જ્યારે પરત ફરતી ટ્રેન નંબર 12934 વટવા-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ આ સમયગાળા દરમિયાન મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસ પર બપોરે 12:20 વાગ્યે પહોંચશે. રેલવેએ મુસાફરોને અપીલ કરી છે કે મુસાફરી પહેલા ટિકિટ પર દર્શાવેલ સ્ટેશન અને રેલવેની સત્તાવાર માહિતી ચોક્કસ તપાસી લે. છેલ્લી ઘડીએ સ્ટેશન બદલાવાના કારણે થતી પરેશાનીથી બચવા માટે અગાઉથી જ બાંદ્રા ટર્મિનસ પહોંચવાનું આયોજન કરી લેવું.

# મોંઘવારીએ દિવાળીમાં 'રોશની' બજારની 'લાઈટ' ડીમ કરી નાંખી

**લાઈટિંગના** વેપારમાં 50 ટકાનો કડાકો, ઘરખર્ચ વધતાં શણગાર પાછળનો ખર્ચ ઘટ્યો

**જૂની** એલઈડી લાઈટના પુનઃઉપયોગથી નવી ખરીદી પર બ્રેક, ઓનલાઈન ખરીદીથી બજારમાં ગ્રાહકોની પાંખી હાજરી

સુરતઃ દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સામાન્ય રીતે ઝગમગાટથી ઉભરાતાં બજારોમાં આ વર્ષે વેપારનો ઉત્સાહ ઓસર્યો છે. મોંઘવારી, ઓનલાઈન ખરીદીનો વધતો ક્રેઝ અને લાંબો

...અનુસંધાન પાના ૯ પર



### મોટા પ્રોજેક્ટ્સમાં રૂ.5 લાખથી રૂ.50 લાખ સુધીના કોન્ટ્રાક્ટ

લાઈટિંગ વ્યવસાય સાથે સંકળાયેલા ડેકોરેટર્સના જણાવ્યા મુજબ, દિવાળીના તહેવાર દરમિયાન કોર્મશિયલ બિલ્ડિંગ, સરકારી ઈમારતો સહિતને રોશનીથી સજાવવા માટે

...અનુસંધાન પાના ૯ પર

### સસ્તી ચાઇનીઝ લાઈટની આયાત ઘટતાં સ્થાનિક ઉત્પાદનોને તક, પણ ઊંચી કિંમતનો પડકાર

સસ્તી ચાઇનીઝ લાઈટની આયાતમાં ઘટાડો થતાં ભારતીય ઉત્પાદકોની લાઈટને બજારમાં સ્થાન મેળવવાની તક મળી છે. જોકે, સ્થાનિક ઉત્પાદનોની કિંમત ચાઇનીઝ લાઈટની

...અનુસંધાન પાના ૯ પર

# ઉધનાનો હોલ્ડિંગ એરિયા એરપોર્ટ જેવો

**1 નવેમ્બરથી** એન્ટ્રી શરૂ, 10 હજાર મુસાફરો એકસાથે હોલ્ડ થશે

13 હજાર ચોરસ મીટરમાં બનેલા યાત્રી કેન્દ્રમાં એરપોર્ટ જેવાં સાઇન બોર્ડ

**જમ્બો** ફેન-સીસીટીવી-આધુનિક ટોઇલેટની સુવિધા

સુરતઃ સુરતના ઉધના રેલવે સ્ટેશન પર તૈયાર થઈ રહેલા એરપોર્ટ જેવા હોલ્ડિંગ એરિયાનો ઈન્ટિરિયર લુક સામે આવી ગયો છે. અંદર એરપોર્ટની જેમ જ ચમકતા સાઈન બોર્ડ, એન્ટ્રી-એક્ઝિટના ઈન્ડિકેટર અને સાંકેતિક બોર્ડ લગાવવામાં આવ્યા છે, જેથી ભીડમાં પણ મુસાફર અટવાય નહીં.

દિવાળી અને છઠ પૂજાની ભીડને કંટ્રોલ કરવા માટે બનાવાયેલો

...અનુસંધાન પાના ૯ પર

### એરપોર્ટ જેવી સુવિધા

હોલ્ડિંગ એરિયાના અંદરના ફોટોમાં જોવા મળે છે કે પુરુષ અને મહિલાઓ માટે અલગ-અલગ ટોયલેટ બ્લોક, વોશ બેસિન અને બાથરૂમ બનાવાયા છે. ગરમીથી બચવા માટે આધુનિક જમ્બો ફેન, પૂરતી લાઇટિંગ અને સુરક્ષા માટે ઠેર-ઠેર સીસીટીવી લગાવાયા છે. પશ્ચિમ રેલવેના પીઆરઓ અનુભવ સક્સેનાના જણાવ્યા મુજબ, પુરુષો માટે 10 વેસ્ટર્ન ટોયલેટ, 49 યુરિનલ, 16 વોશ બેસિન અને 6 બાથરૂમ છે. જ્યારે મહિલાઓ માટે 13 ટોયલેટ, 10 વોશ બેસિન અને 4 બાથરૂમની વ્યવસ્થા કરાઈ છે.

### ક્રાઉડ કંટ્રોલ કેવી રીતે થશે?

રેલવેની યોજના મુજબ મુસાફરોને સીધા પ્લેટફોર્મ પર જવા દેવાને બદલે પહેલાં આ હોલ્ડિંગ એરિયામાં રોકવામાં આવશે. ટ્રેનના સમય અને પ્લેટફોર્મ નક્કી થયા બાદ

...અનુસંધાન પાના ૯ પર









# ઝેરી દવા પીનાર BCAની વિદ્યાર્થિનીનું મોત, પોસ્ટમોર્ટમ વગર મૃતદેહ સોંપાતાં વિવાદ

**રાંદેર** પોલીસની કામગીરી સામે સવાલો ઊઠ્યા

સુરત : રાંદેર પોલીસની હદમાં આવતા જહાંગીરાબાદમાં કામ કરવા બાબતે પરિવારના સભ્યોએ ઠપકો આપતાં ઝેરી દવા પી લેનારી 20 વર્ષીય કોલેજીયન યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જોકે, આ મેડિકલ લીગલ કેસ (MLC) હોવા છતાં યુવતીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યા વિના પરિવારને સોંપી દેવામાં આવતાં રાંદેર પોલીસની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. એક તરફ મેડિકલ લીગલ કેસમાં પોસ્ટમોર્ટમ કરાવવાની પ્રક્રિયા અનુસરાતી હોય

...અનુસંધાન પાના ૯ પર

### અન્ય કિસ્સામાં પણ પરિવારની ના માન્ય ગણાશે?

આ ઘટનાને પગલે એક મહત્ત્વનો સવાલ ઊભો થયો છે કે જો કોઈ પણ મૃતકના પરિવારજનો પોસ્ટમોર્ટમ કરાવવાની ના પાડે, તો શું અન્ય પોલીસ મથકો પણ પરિવારનાં નિવેદનો અને એફિડેવિટના આધારે મૃતદેહ સોંપી દેશે? મેડિકલ લીગલ કેસમાં લાગુ પડતી કાયદાકીય પ્રક્રિયા અને નિયમો તમામ પોલીસ મથકો માટે એકસરખા હોવા જોઈએ, ત્યારે આ કિસ્સામાં કયા આધારે પોસ્ટમોર્ટમ

...અનુસંધાન પાના ૯ પર


ચૌદમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



આપના ઉદ્યમકાર્ય અને નિઃસ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે.

લિ.
તેજશ આર. જરીવાલા
રાજીવ જે. ચૌહાણ (રાજુ)
કેતન એમ. દેસાઈ
ધર્મેશ વી. પારેખ
રૂકમ ટી. જરીવાલા

સ્વ. કરશનભાઈ
મગનભાઈ પ્રજાપતિ
(આરગમ બિલ્ડર્સ)
જન્મ તા. ૫/૬/૧૯૫૨
સ્વ. તા. ૨૮/૧૦/૨૦૧૨

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઇન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| | | |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |
|---|---|---|---|

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.

નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ભાનુબેન બાલુભાઈ પટેલ

લિ. બાલુભાઈ કેશવભાઈ પટેલ

પટેલ ફળિયું, ભીમરાડ ગામ, સુરત.

ક્ષત્રિય દુઃખદ અવસાન/બેસણું



શ્રીમતી ભાનુબેન મનહરલાલ નવાબનું

સ્વ. ભાનુબેન મનહરલાલ નવાબ

દુઃખદ અવસાન સંયુક્ત બેસણું



સ્વ. રમેશભાઈ સોમાભાઈ પટેલ
સ્વ.તા: ૨૬-૧૦-૨૦૨૬

દુઃખદ અવસાન - સંયુક્ત બેસણું



રમેશભાઈ સોમાભાઈ પટેલનું
તા.26.10.2026 સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતનું સંયુક્ત બેસણું

સ્વ. રમેશભાઈ સોમાભાઈ પટેલ